# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૩/ક્વા-૨/૧૯- ૨૦/૫૬૪૪–૪** **તા. ૨૭–૦૮–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૩/ક્વા-૨/૧૯- ૨૦

અરજદાર: ગોલ્ડન આઈસ ફેક્ટરી ગામ: વેરાવળ

રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે શ્રી રઉફ હાજીઅલી અબ્દુલ ગનીભાઈ કચ્છી તેમજ તેમની સાથે અબ્દુલગની કચ્છી હાજર રહેલ હતા.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **વેરાવળ**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જી.જોશી** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **વેરાવળ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: ૨૦-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ગોલ્ડન આઈસ ફેક્ટરી ગામ -વેરાવળ, તેઓની અરજીના નોંધણી નં: ૪૩/ક્વા-૨૧૯- ૨૦, માં જણાવે છે કે**, તેઓ એચ.ટી. જોડાણ તા.૨૫–૦૭–૧૯ થી ૨૭૫ કેવીએનુ જ્યોતીગ્રામ ફીડરમાથી પ્રભાસ પાટણ પેટા વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. સદર ફીડરમા પાવર ની ખૂબજ તકલીફ છે. તેમજ, જરૂરી રીપેરીગ મેન્ટેનન્સ જેવી કામગીરી થતી નથી. જેથી, અરજદારે ગુણવતાયુકત વીજ પ્રવાહ મળે તો તેઓના ધંધા મા સફળ થઈ શકે. અન્યથા ૧૦ લાખ જેવી રકમ નુ બીલ ભરવુ મુશ્કેલ થઈ શકે. જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ જરૂરી સબડીવીઝન બાયફર્ગેશન, એબીસી કેબલ, પુરતા સ્ટાફ, ગેંગ ઓવર સ્વીચ જેવી સુવિધાની માંગણી સાથે **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર ના એચટી વિજજોડાણને વિજપુરવઠો પૂરો પાડતાં 11 કેવી ખેરાળી જ્યોતિગ્રામ વીજ ફિડરનું હાલમાં જ વિભાગીકરણ કરી તેમાથી કુલ ચાર

ગામોને વિજપુરવઠો પુરો પાડતો નવો ઈણાજ જ્યોતિગ્રામ વીજ ફિડર તથા સેવાસદન જ્યોતિગ્રામ વીજ ફિડર શરૂ કરવામાં આવેલ છે. ઉપરાંત હાલમાં આપના વિજ ફિડરને વિજપુરવઠો પૂરો પાડતાં 11 કેવી ઇણાજ ફિડરનો છેલ્લા એક વર્ષનો પાવર ઓન પિરિયડ 93.55% જેટલો જણાય છે. વિશેષમાં છેલ્લા બે મહિનાથી વાયુ વાવઝોડા અને ખૂબ જ ભારે પવનના કારણે અને આ વીજફિડર નાળિયેરીના બગીચાઓ તથા વૃક્ષો વાળા વિસ્તારમાથી પસાર થતું હોય ઘણીવાર વૃક્ષો પડી જતાં વિજવિક્ષેપ ઊભો થાય છે. પરંતુ નિયમિત સમારકામ અને પેટ્રોલીંગ દ્વારા વિજવિક્ષેપો દૂર કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

૩.૧ અરજદાર ના વીજજોડાણ ને પાવર સપ્લાય પુરો પાડતા ૧૧ કેવી ઇણાજ ફિડરમાં માહે સપ્ટેમ્બર–૧૮ થી માહે ઓગષ્ટ–૧૯ સુધી પુરા પાડેલ વીજ કલાક ની માહિતી નીચે મુજબ છે.

| Feeder Power On time | | | | | |
|---|---|---|---|---|---|
| Month | Name of Feeder | No Of Days | Total Hrs. | Power On Time (Hrs.) | % Power On |
| Sep-18 | 11 Kv Inaj AG feeder | 30 | 720 | 685 | 95.14 |
| Oct-18 | 11 Kv Inaj AG feeder | 31 | 744 | 710 | 95.43 |
| Nov-18 | 11 Kv Inaj AG feeder | 30 | 720 | 708 | 98.33 |
| Dec-18 | 11 Kv Inaj AG feeder | 31 | 744 | 702 | 94.35 |
| Jan-19 | 11 Kv Inaj AG feeder | 31 | 744 | 620 | 83.33 |
| Feb-19 | 11 Kv Inaj AG feeder | 28 | 672 | 619 | 92.11 |
| Mar-19 | 11 Kv Inaj AG feeder | 31 | 744 | 729 | 97.98 |
| Apr-19 | 11 Kv Inaj AG feeder | 30 | 720 | 691 | 95.97 |
| May-19 | 11 Kv Inaj AG feeder | 31 | 744 | 717 | 96.37 |
| Jun-19 | 11 Kv Inaj AG feeder | 30 | 720 | 649 | 90.14 |
| Jul-19 | 11 Kv Inaj AG feeder | 31 | 744 | 707 | 95.03 |
| Aug-19 | 11 Kv Inaj AG feeder | 15 | 360 | 299 | 83.06 |
| | Total | 349 | 8376 | 7836 | 93.55 |

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી મે. સીટીઝન આઈસ ફેકટરી ના નામે ગ્રાહક નં. –૮૧૨૧૫/૦૦૬૮૪/૫ થી ૯૩ કીવો નુ વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણ ને પુરો પાડતા ૧૧ કેવી ફીડરમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતો હોય, અરજદારે સબડીવીઝન બાયફર્ગેશન, એબીસી કેબલ, પુરતા સ્ટાફ, ગેંગ ઓવર સ્વીચ જેવી સુવિધાની માંગણી ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ અરજદાર ની વારંવાર પાવર બંધ થવાની ફરીયાદ અન્વયે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં.૯.૪ મા કરાયેલ જોગવાઈ મુજબ – વિતરણ પરવાનેદાર જરૂર જણાય તેટલા સમય માટે કાર્યક્ષમ કામગીરી માટે ટેસ્ટીંગ / આઉટેજ / મેન્ટેનન્સ માટે વીજ પુરવઠો કામ ચલાઉ ધોરણે બંધ કરી શકે છે, જો કે વીજ વિતરણ પરવાનેદાર ઓછામા ઓછી અગવડતા પડે તે હેતુ સર – આ બાબત ની અગાઉ થી જાણ કરવાનો જયા શકય હશે ત્યા મહતમ પ્રયત્ન કરશે. તે મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

૪.૩ અરજદાર શ્રી ની ફરીયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મુદદા નં. ૩.૦ અને ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર ના વીજજોડાણ ને ૧૧ કેવી ઈણાજ ફીડરમાથી વીજ પુરવઠો પુરો પાડવામા આવે છે, તેમજ છેલ્લા ૦૨ માસ મા વાવાઝોડા અને ભારે પવન ના કારણોસર વિજ વિક્ષેપો ઉભા થયેલ છે. પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૨૭–૦૬–૧૯ થી અરજદાર ને ફરીયાદ અન્વયે જરૂરી વીજ સમારકામ અને અન્ય ફરીયાદો ના નિરાકરણ અર્થે પ્રત્યુતર પાઠવેલ છે. જે અનુસંઘાને – ખેતીવાડી ફીડર ને ક્રોસ કરતી લાઈનમાં ઈન્સ્યુલેટેડ કેબલ નાખવાની કામગીરી ની મંજુરી મળી ગયેલ છે તે કામગીરી, તેમજ અરજદાર ની ફરીયાદ અન્વયે અરજદાર ની જાણકારી હેઠળ જરૂરી વીજસમારકામ માટે સર્વે કરીને – જરૂરી તમામ વીજસમારકામ માટે ની કામગીરી દિન–૪૦ મા પૂર્ણ કરવાની સુચના પીજીવીસીએલ પક્ષકાર ને આપવામા આવે છે, સદર કામગીરી

પૂર્ણ થયે – અરજદાર ને અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ લેખીતપત્ર થી જાણ કરવી.

૪.૪ અરજદાર ની ફરીયાદ અન્વયે – પેટા વિભાગીય કચેરી ના બાયફર્ગેશન અને સ્ટાફ ની નિમણુક કરવા અંગે ની રજુઆત – નિતિ વિષયક બાબત હોય, અરજદારે સબંધક ઉચ્ચ કચેરીમાં રજુઆત કરવી.

૪.૫ મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)

સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯